# ગુર્જરી



## MARCH 2023










ENCORE ENTERPRISES

## ABOUT US

Founded in 1999 by Dr. Bharat Sangani and Patrick Barber, Encore Enterprises, Inc. is a research-driven commercial real estate investment company focused on investing across multifamily, hospitality, mixed-use retail, office, and restaurants.

## THE ENCORE EDGE

- 20+ year Track record
- Opportunistic, value-added deals with low correlation to asset type or economic cycle
- Disciplined approach has generated upside returns while preserving capital during economic downturns



IGNITE INVESTMENTS

*Investments Offered By Ignite Investments*

Contact Us: 214.259.2419 | spark@igniteinvestments.com

Dr. Bharat Sangani
Chairmain|Founder

encore.bz | igniteinvestments.com

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | સ્પોન્સર્સ લીસ્ટ | ૦૨ |
| ૨. | પ્રમુખશ્રીનો સંદેશ | ૦૩ |
| ૩. | કમીટી મેમ્બર્સ ૨૦૨૩ | ૦૪ |
| ૪. | શ્રધ્ધા મનુષ્યની અનોખી શોભા | ૦૫ |
| ૫. | તમામ રોગોના આયુર્વેદીક ઉપચાર | ૦૭ |
| ૬. | મનને શાંત રાખવાની ખુબ સામાન્ય વાતો | ૧૦ |
| ૭. | આગામી કાર્યક્રમોની તારીખ અને સ્થળ | ૧૩ |
| ૮. | આગામી કાર્યક્રમોની તારીખ અને સ્થળ | ૧૪ |
| ૯. | ભારત સરકારે બહાર પાડેલ ડીજીટલ કરન્સી | ૧૫ |
| ૧૦. | વિટામીન B12 વિશે અગત્યની માહિતી | ૧૯ |
| ૧૧. | મહાવીરનો કર્મવાદ | ૨૨ |
| ૧૨. | કોલેસ્ટ્રોલનું પ્રમાણ ઘટાડવા | ૨૪ |
| ૧૩. | અમીનો ઓટકાર | ૨૬ |
| ૧૪. | દિવાળી ડીનર તથા નવરાત્રી ગરબાની ઝલક | ૨૭ |
| ૧૫. | દિવાળી ડીનર તથા નવરાત્રી ગરબાની ઝલક | ૨૮ |
| ૧૬. | સ્પોન્સર્સ ડીનરની ઝલક | ૨૯ |
| ૧૭. | સ્પોન્સર્સ ડીનરની ઝલક | ૩૦ |
| ૧૮. | શ્રી અટલ બિહારી બાજપાઈ વિશે | ૩૩ |
| ૧૯. | કોમ્પ્યુટરની ભાષા અને વિશ્વનો સૌથી મોટો પોપટ | ૩૭ |
| ૨૦. | ભારતીય મૂળના લીયો વરાડકર | ૪૨ |
| ૨૧. | ધરતી પર વધારેમાં વધારે કેટલો ઊંડો ખાડો ખોદી શકાય ? | ૪૬ |
| ૨૨. | મેમ્બરશીપ ફોર્મ | ૪૯ |
| ૨૩. | સમાજ પબ્લીકેશન તથા જાહેરાતનો દર | ૫૩ |

# SPONSER'S LIST


| | | |
|---|---|---|
| 1. | ENCORE ENTERPRISES | Front Inside Cover |
| 2. | TELKA | Inside Back Cover |
| 3. | APPLEBEES | Outside Back Cover |
| 4. | REAL TASTE OF INDIA | 06 |
| 5. | ICICI BANK | 09 |
| 6. | RADIO CARAVAN | 11 |
| 7. | AARTI JEWELLERS | 12 |
| 8. | HOME WITH LOAN | 18 |
| 9. | TRAVEL KING | 21 |
| 10. | BEAM REAL ESTATE (Jack Godhwani) | 23 |
| 11. | UNIVERSAL SOLAR | 31 |
| 12. | INTUITIVE CLOUD | 32 |
| 13. | FOSSIL CREEK LIQUOR | 34 |
| 14. | HONEST : McKinney | 34 |
| 15. | TILAK JEWELLERS | 35 |
| 16. | SURE STAY | 36 |
| 17. | GUJARAT DARPAN | 37 |
| 18. | BOMBAY CHOWPATTY | 38 |
| 19. | GOPAL RESTAURANT | 39 |
| 20. | BAWARCHI BIRYANI | 40 |
| 21. | NEW YORK LIFE | 41 |
| 22. | INDIA BAZAAR | 43 |
| 23. | DALLAS RENAL GROUP | 44 |
| 24. | PARESH PATHAK | 45 |
| 25. | MVP DIGITAL PRODUCTIONS | 47 |
| 26. | MALANI JEWELLERS | 48 |
| 27. | PROSPERITY BANK | 50 |
| 28. | GURUTAX PRO | 51 |
| 29. | BLAZE PIZZA | 52 |
| 30. | TEXAS WHOLESALE | 54 |
| 31. | SADAK | 55 |
| 32. | JAGDISH | 56 |

# પ્રમુખશ્રીનો સંદેશ



વ્હાલા સમાજના યુવાનો અને યુવા હૃદય ધરાવતા વડીલો, આપ સૌના સહકારથી આપણે ૨૦૨૨ને યથાશક્તિ માણ્યું,

*ચાલશો તો મંજીલના રસ્તા મળી જશે,*
*વિચારશો તો બધી વાતનું કારણ મળી જશે,*
*જીવન એટલું પણ મજબૂર નથી હોતું,*
*જીગરથી જીવો તો તો જલસા પડી જશે.*

જી હા મિત્રો, સમાજના ટ્રસ્ટી ગણે,

આ વરસે તમારી સેવા કરવાની ફરી પાછી તક આપી છે અને મારામાં મુકેલા વિશ્વાસને હું તનતોડ મહેનત કરીને સાર્થક કરી શકુ એમા મને તમારા સહકારની અપેક્ષા છે. આપશો ને? જો જો નિરાશ ના કરતા.

સમાજના મોભા સમાન સાંસ્કૃતિક કાર્યક્રમો જેવા કે ગુજરાતી નાટકો, પ્રેરણા પુરક વક્તાઓના પ્રવચન, નવરાત્રીના ગરબા, દિવાળી ડીનર એ તો યોજીશું પણ એનાથી વિશેષ નવા પ્રયત્નો પણ કરીશું જે સમાજના ધોરણ ને વધુ ઊંચાઈએ લઈ જશે.

ઈશ્વર એમ જ કરાવે, શરૂઆત તો થઈ ગઈ છે. આજ સુધી સમાજના પીઠબળ સમા Sponsor ને માન સન્માન થી વધાવીને Welcome Dinner આપ્યું, સાથે સાથે નવા Sponsors ને પણ સમાજની આગવી પ્રવૃત્તિઓની ઓળખ આપી. એના કારણે એમનો પણ ઉત્સાહ મળતા સારો પ્રતિસાદ સાંપડ્યો.

સૌના સાથ સૌના વિકાસ એ માનનીય વડાપ્રધાન નરેન્દ્ર મોદીજીના મંત્રને અનુસરી Dallas Fortworth ના બધા ગુજરાતી સમાજોને સાથી લઈને કાર્યક્રમોની ગુણવત્તા વધારવાનો નિર્ણય લીધો.

આ વાતને વધુ ઉચ્ચ સ્તર પર લઈ જવા FOGA (Federation of gujarati societies of America) ના નિર્માણ માં પાયાના પ્રાયોજક બન્યા. એનો લીધો ફાયદો આપ સૌને મળે એ જ આશાએ અમે આગળ વધ્યા. જેમાં રાષ્ટ્રીય સ્તરના કાર્યક્રમો આપની સમક્ષ લાવી શકીશું. આપણી યુવાશક્તિને પણ ગુજરાતી સાંસ્કૃતિક પ્રવૃત્તિમાં જોડાવા માટે પ્રોત્સાહન આપીશું અને સાથે રાખીશું જેથી કરીને આપણા સમાજનું ભવિષ્ય ઉજળું રહે. આપણા સમાજની દરેક પ્રવૃત્તિઓને TV9 પર પ્રદર્શિત કરવાનો કોલ આપણને આપ્યો છે. બસ અમે તો ૨૦૨૩ને યાદગાર બનાવવા થનગની રહ્યા છીએ, આપસૌ તૈયાર છો ને?

સંગાથે સમાજની સહારા દોડતા આવ્યા, જીગરથી જંપલાવ્યુ તો કિનારા દોડતા આવ્યા.

**આપના,**
**હેમલ અને નિરાલી દોશીના જય શ્રીકૃષ્ણ**
**જ્યાં જ્યાં વસે ગુજરાતી, ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત.**

# Committee Members 2023

## Executive Committee

- Hemal Doshi (President) (972-805-2373)
- Bhavin Amin (Vice President) (214-208-0018)
- Varsha Patel (Secretary) (469-223-4642)
- Piyush Bhatt (Jt. Treasurer)
- Armaan Koladia (Finance Chair) (214-450-8335)
- Bellaben Shah (Jt. Finance Chair)
- Rakesh Patel (Treasurer)
- Naresh Chokshi (Jt. Treasurer) (214-240-8152)
- Shital Patel (Community Outreach) (469-223-4642)

## Committee Members

- Harsha Gandhi (Senior Citizen Outreach)
- Amit Trivedi (Event Support)

## Co. Op. Members

- Mansi Kothari (Youth Forum)
- Sarika Kabaria (Youth Forum)
- Jaymin Kavaiya (IT Member)
- Hitarth Trivedi (IT Member)
- Rajesh Patel (IT Member)
- Jay Mehta (IT Member)
- Hasmukh Navadia (IT Member)
- Rupal Chokshi (Community Outreach)

## Advisory Board Members

- Baldevbhai Patel
- Dilipbhai Shah
- Mukeshbhai Shah
- Rajendrabhai Vankawala
- Tino Patel
- Bansibhai Shah
- Amit Rajpara

## Trustees

- Sudhirbhai Parikh (Chief Trustee)
- Ramanbhai Patel (Joint Chief Trustee)
- Dr. Harivadan Shah
- Dr. Ramesh Vasani
- Dr. Nishendu Vasavda
- Dr. Kiran Parekh
- Upendra Vora
- Atman Raval
- Gaurang Pandya
- Saunak Desai (& Gurjari Editor)
- Jigish Shah (Transition)

## Cultural Affairs Committee

- Rupal Desai & Vanita Patel (Arya Dance Academy)
- Vandita Parikh (Nurthya Shakti Academy)
- Induben Mangrola (Fogana)

# શ્રદ્ધા... મનુષ્યત્વની અનોખી શોભા



ભગવદ્‌ગીતા નિત્યનૂતન લાગે છે. એના અર્થો અને પારાયણ તમને સ્વ-શોધ અને સ્વ-ઓળખથી માંડીને જગત વિશેની નિર્ભ્રાંતિના પાઠ ભણાવે છે. સત્તરમો અધ્યાય સૂક્ષ્મ પૃથ્થકરણના કૌશલ્યની પાઠશાળા છે. વ્યાસ અને કૃષ્ણ બન્નેની આ શૈલી અને શક્તિ કે આગળના અધ્યાયમાં કંઈક નિશાન કે અંગૂલનિર્દેશ મૂકી જાય, જેનાથી આગળનો અધ્યાય ઊઘડે અને વાચકની મતિ જગાડે, પ્રાજ્ઞની પ્રજ્ઞાને પરમનો સ્પર્શ કરાવે, સાધકમાં શક્તિની સ્ફૂર્તિ પ્રગટાવે. સોળમા અધ્યાયમાં કહ્યું કે જે લોકો શાસ્ત્ર પ્રત્યે ઉદાસીનતા દાખવીને માત્ર કામથી (પ્રબળ ઈચ્છાથી) પ્રેરાઈને કોઈ ધર્મકાર્ય કે કર્મ પણ કરે છે તેની કોઈ રીતે સદ્‌ગતિ થતી નથી, આ લોક કે પરલોકમાં તે સુખ પામતો નથી.

અર્જુનને દ્વિધા થઈ, જેને શ્રદ્ધા ના હોય અને શાસ્ત્ર કે વિધાનોક્ત વિધિ પ્રમાણે ધર્મકાર્ય ના કરે પણ માનો કે કોઈ વ્યક્તિ શાસ્ત્રોક્ત વિધિ નથી જાણતો પણ શ્રદ્ધા હોય તો શું ? શ્રદ્ધા તો શ્રદ્ધા છે, શ્રદ્ધાળું માણસ તો આસ્તિક છે, ધાર્મિક છે. એની નિષ્ઠા વિશે તમારે શું કહેવું છે ? શ્રી ભગવાન આ અધ્યાયમાં બહારથી જે શ્રદ્ધા દેખાય છે એ શ્રદ્ધા માત્ર 'લેબલ'થી જ પવિત્ર નથી થઈ જતી. કોઈ મંદિરમાં જાય છે કે યજ્ઞ કરે છે કે દાન કરે છે એટલી ક્રિયામાત્રથી મુમુક્ષુ નથી થઈ જતો. શ્રીકૃષ્ણએ જે જવાબ આપ્યો છે એ વાંચતા અને એનું મનન કરતાં જર્મન તત્વજ્ઞાની એમ્યુઅલ કાન્ટનું સિદ્ધવચન યાદ આવે છે, એ કહેતો, "We are decieved by the appearance of the Good." સારુ લાગતું હોય તે સારું ના પણ હોય. મંદિરે જનાર વ્યક્તિની માનસિકતા શું હોય છે એ અગત્યની પરિક્ષા છે, લિટમસ ટેસ્ટ છે. ખાલી માણસ શ્રદ્ધાળું હોય એ પૂરતું નથી. સોનાની પણ અગ્નિપરીક્ષા થવી જોઈએ. કારણ શ્રદ્ધા બહુ સૂક્ષ્મભાવ છે. એ અંતરના ઊંડાણમાં થતો પરમતત્વનો અપ્રતિમ સ્વીકાર છે. એ સ્વીકારનો ભાવ એટલો બધો ઊંડો અને પવિત્ર છે કે મનુષ્યને મન એની સાબિતીની જરૂર નથી. આવી હૃદયની સૂક્ષ્મ ભાવભંગિમાને કૃષ્ણ તપાસવાની કહે છે. એની નિષ્ઠા ત્રણ પ્રકારની હોય છે. એ સાત્વિક હોય અને રાજસિક પણ હોઈ શકે, એવી જ રીતે એનું નિરીક્ષણ અને પરીક્ષણ કરતાં તામસિક હોવાનું પણ ભાન પડે. ત્રણ પ્રકારની શ્રદ્ધા હોય છે અને શ્રદ્ધાનાં ચિહ્નો, આધાર સ્તંભો કહેવાય એવાં દાન, તપ, આહાર અને યજ્ઞને પણ આ ત્રિવિધાત્મક પરીક્ષણમાં મૂકવા જોઈએ. ભગવદ્ ગીતા એના વિદ્યાર્થીને સૂક્ષ્મને પણ તપાસવાનું કહે છે. કારણ સાત્વિક મનુષ્ય દેવોને, રાજસિક મનુષ્યો યક્ષ-રાક્ષસોને અને તામસિક લોકો પ્રેત-યોનિ કે અસુરોની પૂજા કરતા હોય છે. શ્રદ્ધા હોય કે યજ્ઞ કરતા હોય એવા બાહ્ય દેખાવથી છેતરાઈ ના જવાય એટલા માટે સત્તરમો અધ્યાય છે. અઘોર તપ તપતા હોય પણ એનો હેતુ અહંકાર કે પાપકાર્ય હોય તો એ તપનો કોઈ અર્થ નથી. રાવણ વિદ્વાન હતો અને શિવભક્ત હતો પણ એની શ્રદ્ધા એના અહંકારને પોષણ આપનાર હોઈ એને સાત્વિક ના ગણી શકાય. બીજાની પીડા માટે, માત્ર કામેષણા કે કશાક દુન્યવી લાભો માટે કરવામાં આવતી પ્રવૃત્તિઓનું પ્રેરકબળ ધાર્મિક લાગતું હોય તો પણ સાત્વિક ના હોઈ મુમુક્ષુત્વના માર્ગે લઈ જનારું નથી હોતું અને તેને લીધે તથાકથિત વિધાનોક્ત વિધિ અનુસરતા હોવા છતાં સાત્વિક શ્રદ્ધાના ભાવને લીધે એને અન્ય કર્મ જેવાં જ કર્મ ગણી લેવામાં આવે છે.

ભગવાન યજ્ઞ, દાન, તપ અને આહારને પણ ખૂબ જ મહત્વ આપે છે, કારણ સ્વભાવતઃ પ્રકૃતિનું ઘડતર અને ચણતર મનુષ્યની યજ્ઞાદિ ક્રિયાઓ મનુષ્યની અંદર રહેલી શ્રદ્ધા ઉપર આધારિત હોય છે.

સાત્વિક આહાર સ્નિગ્ધ, રસવંતા અને તાજા હોય છે એ મનુષ્ય બલ અને સ્વાસ્થ્ય વધારનારા હોય છે. જ્યારે તીખા, તીણા, ખાટા, ખારા અને ગરમ-તીક્ષ્ણ ખોરાક રાજસિક પ્રકારના હોય છે. આપણી કહેવત છે ને, 'અન્ન તેવા ઓડકાર'. આ કશીક એવી જ કહેવતનો ગુંજારવ છે કે, 'જેવું અન્ન તેવી શ્રદ્ધા.' ત્રણ કલાક પહેલા રાંધેલું વાસી, દુર્ગંધયુક્ત, સડેલું, રસહીન અન્ન તામસિક અન્ન હોવાથી મનુષ્યમાં વિકૃતિઓ પેદા કરે છે અને મનુષ્ય સાત્વિક શ્રદ્ધાના અભાવે ભટકેલ કે દુઃખી જોવા મળે છે.

એવી જ રીતે યજ્ઞ પણ ફલાકાંક્ષાથી કરવામાં આવે તો એ રાજસિક થાય છે અને જો એને પરપીડનના હેતુથી કરવામાં આવે તો તામસિક પ્રકારનું તપ કોઈ પ્રકારનું સુખ આપી શકતું નથી.

અહીં ભગવાન યજ્ઞ, દાન કે આહાર માટે ત્રણ ત્રણ શ્લોક કહે છે, પણ તપ માટે છ થી વધુ શ્લોક છે કારણ તપને સાત્વિક, રાજસિક કે તામસિક એવા વિભાગોમાં વહેંચતા પહેલા તપના ત્રણ પ્રકાર ગણાવે છે. તપ જ્યારે પવિત્રતા, સાદગી, ગુરુઓ, વડીલો પ્રત્યે આદર દાખવવા માટે આચરવામાં આવે છે તે તપ શારીર-તપ કહેવાય છે, જ્યારે વાણીને પ્રિય અને પવિત્ર બનાવનાર, ઉદ્વેગને દૂર કરનાર હોય ત્યારે આવું તપ વાંગ્મય તપ કહેવાય છે, જ્યારે મનને પ્રસન્નતા અને સૌમ્યત્વ અને સમત્વ આપનાર તપ માનસિક તપ ગણાય છે. આ જ રીતે દાન પણ જો યોગ્ય વ્યક્તિને યોગ્ય સમયે આપવામાં આવે તો એ સાત્વિક દાન કહેવાય . બાકી કોઈ ફલાકાંક્ષાથી પ્રેરાઈને કરવામાં આવતું દાન, માન કે પૂજાનો હેતુ હોય તો પણ આવું દાન રાજસિક કહેવામાં આવે છે. પરપીડન માટે કરવામાં આવનાર દાન કે યજ્ઞ ફળતાં નથી.

માત્ર ઓમ-તત્સત્ એ મંત્ર જ સાચી વાસ્તવિકતા પ્રગટ કરે છે, સાચી વાસ્તવિકતા સમજાવે છે.

ભગવદ્ ગીતાનું આ સૌદર્ય છે કે શ્રદ્ધા જેવા નાજુક અને અંતરતમ ખૂણે ચાલતા પ્રવાહોને સમજવાનું સમજાવે છે. એટલા માટે જ આ શાસ્ત્ર મનુષ્યને ઘડનારું અને માનવતાને મહેકાવનાર પુષ્પ જ નહીં પણ શાનદાર બગીચો છે. એક આધ્યાત્મિક ઉપવન છે, જે આપણને જીવનભર માર્ગદર્શન આપે છે.

- ભાગ્યેશ જહા






## આ તમામ રોગોનો આયુર્વેદિક ઉપચાર જાણો એક લેખમાં...

આજે વાચક મિત્રો સાથે એવી વાતો હું શેર કરવા માંગુ છું કે જેમાં રોગના ઉપાયો ખૂબ જ સરળ અને ઘરગથ્થુ તથા અનુભવસિદ્ધ છે. આપણી આડોશ-પાડોશ કે ફળિયામાં અથવા તો આપણા રસોડામાં જ કેટલીયે વસ્તુઓ એવી હોય છે કે જેનાથી આપણે રોગનું નિવારણ કરી શકીએ છીએ. પરંતુ જે તે વસ્તુના ગુણો વિશેના પર્યાપ્ત જ્ઞાનની જાણકારીના અભાવે આપણે આ લાભથી વંચિત રહી જઈએ છીએ. આ રીતના ઉપાયોની કોઈ Side Effect થતી નથી તથા રોગ ધીરે ધીરે ઠીક થતો જાય છે અને તેના સતત અને સાચા ઉપયોગથી રોગને જડમૂળથી પણ કાઢી શકાય છે. ઘરગથ્થુ ઉપચારની સાથે સાથે નિષ્ણાંતની સલાહ મુજબ ખાવા-પીવાનો પથ્યક્રમ તથા પ્રાકૃતિક નિયમોનું પાલન અવશ્ય રોગને કાબૂમાં લઈ આવે છે. આજે આપણે કેટલાક રોગો અને તેના ઘરગથ્થુ ઉપચારો વિશે કેટલીક જાણકારી મેળવીશું.

### (૧) શિર : શૂલ-માથાનો દુઃખાવો :

આજ કાલ માથાનો દુઃખાવો ખૂબ જ સામાન્ય બની ગયો છે. સામાન્ય માથાના દુઃખાવાની ફરિયાદ હોય તો નીચેના ઘરગથ્થુ ઉપચારો કરી શકો છો.

■ બે ગ્લાસ પાણીમાં ૧/૨ ચમચી સિંધવ નાખીને પીવું અને પછી ૨૦ મિનિટ આરામ કરવો. (બીપીની તકલીફ હોય તો આ પ્રયોગ કરવો નહીં.) ■ નાકનાં બંને નસકોરામાં બે-બે ટીંપા મધ નાખવું. ■ અડધા શિરમાં દુઃખાવો હોય તો તેના વિરુદ્ધ નસકોરામાં બે ટીંપા મધ નાખવું. ■ તુલસીનો ઉકાળો ૨૦ એમએલની માત્રામાં પી શકાય છે.

### (૨) સ્મૃતિમાંદ્યતા-યાદશક્તિ કમજોર પડી જવી :

જેમની યાદશક્તિ કમજોર પડી ગઈ હોય તેને સ્મૃતિમાંદ્યતા કહેવામાં આવે છે, જે માટે,

■ બ્રાહ્મીના પાંદડાનો રસ દરરોજ પીવો. ■ બદામના તેલથી માથામાં માલિશ કરવી. ■ ગળો, જીરું અને તુલસીનો ઉકાળો પીવો. ■ સર્વાંગાસન, ભ્રામરી પ્રાણાયમ તથા જલનેતિ ક્રિયા પણ સ્મૃતિ વધારવા માટે ખૂબ ઉપયોગી છે.

### (૩) ગળું અને સ્વરની સમસ્યા :

■ ગળામાં દર્દ હોય તો હળદર અને સિંધવ નમકના પાણીના કવલ કરવા. ■ ગળામાં ખારાશ માટે મરી અને ગોળનો ઉકાળો પીવો. ■ જેઠીમધની ગોળી ૨-૨ ગોળી સવાર-સાંજ ચૂસ્યા કરવી. ■ તાંબાના વાસણમાં રાખેલું પાણી પીવું.

## (૪) ખાંસી :



■ જો ખાંસીનો વેગ વારંવાર આવી રહ્યો હોય તો તુલસી અને અરડૂસીનો ઉકાળો દિવસમાં ૨ વાર પીવો. ■ સૂંઠ, કાળાં મરી અને પિપ્પલી સમપ્રમાણમાં લઈ તેનું ચૂર્ણ બનાવી અડધી ચમચી પાવડર મધ સાથે ચાટવો અથવા તેનો ઉકાળો બનાવીને પણ લઈ શકાય છે. ■ કાળાં મરી અને ગોળનો ઉકાળો અથવા આદું અને ગોળનો ઉકાળો દિવસમાં બે વાર પીવો.

## (૫) તાવ (જ્વર) :

■ તાવ માટે દિવસમાં ત્રણ વાર ગળોનો ઉકાળો પીવો. ■ દિવસમાં ૨ વાર તુલસીનો ઉકાળો પીવો. ■ પાણી હંમેશા ગરમ જ પીવું તથા આહારમાં મગ, રાગી, જુવાર અને ચોખાની ગન્જી બનાવીને સિંધવ નમક સાથે લેવી જોઈએ. ઉપરાંત મોસંબી, સંતરા અને લીંબુ પાણી ૧ ચમચી મધ સાથે લેવું. ■ ગળો ઘનવટીની ૨-૨ ગોળી સવાર-સાંજ ભૂકો કરીને સુખોષ્ણ જળ સાથે લઈ શકાય છે.

## (૬) મધુમેહ :

આ રોગ મુખ્યત્વે અનિયમિત ભોજન, વ્યાયામની કમી, માનસિક તનાવ તથા વારસાગત કારણોથી થતો જોવા મળે છે. આ રોગમાં આહાર-વિહારની નિયમિતતાથી બહુ લાભ થાય છે.

■ ઘંઉના લોટના બદલે જવના લોટની રોટલી ખાવી તે ડાયાબિટીસના દર્દીને ખૂબ લાભકારક છે. ■ રાત્રે ૧ ચમચી મેથી ૧ ગ્લાસ પાણીમાં પલાળી દેવી. સવારે તે પાણી પી જવું તથા મેથીના દાણાને ચાવીને ખાઈ લેવા. ■ આહારમાં ચોખાનો ઉપયોગ નહિવત કરવો. ઉપરાંત રાગી, મેથી, કઢી પત્તા, આંબળા, જીરું, લસણ, કાળાં જાંબુ, હળદર, અશ્વગંધા ચૂર્ણ, ગળો વગેરેનો ઉપયોગ વધારે કરવો.

## (૭) મૂત્રસંબંધી રોગ :

પેશાબને રોકી રાખવાની કુટેવ, સ્વચ્છ પાણી ન પીવું. નિયમિત સમયે ભોજન ન કરવું, (ટાઈટ) ચુસ્ત વસ્ત્ર પહેરવા વગેરે મૂત્રસંબંધી રોગો ઉત્પન્ન કરે છે. તેના ઉપયોગ અલગ અલગ છે, જેમાં,

■ પેશાબમાં જલન કે બળતરા થતી હોય તો ઉશીરનાં પાંદડાનો કાઢો લેવો જોઈએ. ■ વારંવાર પેશાબ જવાની જે વ્યક્તિઓને સમસ્યા હોય (વડીલોને આ સમસ્યા વધારે સતાવતી હોય છે.) તેમણે જીરાનો કાઢો પીવો જોઈએ. ■ પેશાબ રોકાઈને આવતો હોય તો તજનો ઉકાળો સવાર-સાંજ લેવો જોઈએ. ■ મૂત્ર સાફ આવે તે માટે નારિયેળનું પાણી+૧ ચમચી મધ+૨ એલચી નાખીને પીવું જોઈએ. ■ બહુ ગરમ પાણીથી સ્નાન ન કરવું.

આ ઘરગથ્થુ ઉપચારોથી મૂત્ર સંબંધી રોગો પર કાબૂ મેળવી શકાય છે. બીજા પણ ઘણા એવા રોગો છે કે જેમાં ઘરગથ્થુ ઉપાયો પરિણામ આપી શકે છે.

**- વૈદ્ય જ્હાન્વી ભટ્ટ**

ICICI Bank



# Namaste* Texas!

## Get in touch with our newly opened representative office in Plano

- NRI Home Loan
- ICICI Bank Money2India (Money transfer service to India)

**For more information:**

ICICI Bank Limited, Texas Representative Office,
8305 Preston Road, Suite 400C, Plano, TX 75024

texasrep@icicibank.com

+1-972-480-6851

Monday to Friday | 8:30 AM to 5:00 PM

* "Namaste" is a Hindi language word, equivalent to "Hello".
Disclaimer: ICICI Bank Limited Sunnyvale, California (the "Representative Office") is a representative office of ICICI Bank Ltd ("ICICI Bank"), a bank company incorporated in India and regulated by the Reserve Bank of India (RBI). The Representative Office is not a chartered bank or a trust company or depository institution, and is not authorized to accept deposits or trust accounts. The Representative Office is licensed by state and federal banking authorities for the sole purpose of conducting approved representational functions for ICICI Bank. The information provided herein is not intended for distribution to, or use by, any person in any jurisdiction where such distribution or use would be contrary to law or regulation. ICICI Bank and the "I man" logo are the trademarks and property of ICICI Bank. Money2India products and services are provided in the United States by ICICI New York branch and are subject to specific terms & conditions. Other NRI products and services are provided by ICICI Bank under applicable terms and conditions in India.




મનને શાંત રાખવું કે સ્થિર રાખવું આજે પડકારરૂપ છે પણ છતાં અશક્ય તો નથી જ. બસ, થોડું ધ્યાન રાખો તો મન પર પણ કાબૂ મેળવી શકાય છે, અને આપણે તો અહીં મનને શાંત રાખવાનું છે. આવો જાણીએ મનને શાંત કેવી રીતે રાખી શકાય !

માફ કરતા શીખો...

મનને શાંત રાખવું હોય તો માફ કરતા શીખવું પડે. માફ કરશો તો માફ કરવાનો આનંદ માણી શકશો. ભગવાને આપણે એક સરસ વરદાન આપ્યું છે અને એ છે ભૂલવાનું વરદાન. જેને ખૂબ યાદ રહે છે તે શાંતિથી જીવી શકતો નથી. માટે વાતને ભૂલતા શીખો. માફ કરતા અને ભૂલતા શીખી જશો તો મનને શાંત રાખી શકશો.

હું કોણ ?

આપણને બધી જગ્યાએ છવાઈ જવું છે. ટૂંકા સમયમાં ખૂબ પ્રસિદ્ધ થઈ જવું છે. આપણે બધી જગ્યાએ આપણી છાપ છોડવા માંગીએ છીએ. બધા આવું કરવા માંગે છે. જો તમે પણ આવું વિચારતા હશો તો મનને શાંત ક્યારેય નહી રાખી શકો. મનને શાંત રાખવું હોય તો પોતાની ઓળખ બનાવવાની લાલચથી દૂર રહો. જો ઓળખ નહીં બને તો મન શાંત નહીં રહી શકે ! માત્ર મનથી કામ કરતા રહો ઓળખ બનવી હશે તો બની જશે.

## કોઈના કામમાં દખલ ન કરો...

આ કામમાં મોટા ભાગમાં લોકો માહેર હોય છે. કોઈના કામમાં દખલ કરવી આપણો સામાન્ય સ્વભાવ બની ગયો છે. બને તો આનાથી દૂર રહો. કોઈ પૂછે નહીં ત્યાં સુધી આપણે કોઈના કામમાં દખલ ન કરવી જોઈએ. મનને શાંત રાખવું હોય તો આપણે આપણાં જ કામમાં ધ્યાન આપવું જોઈએ. ચંચુપાત બંધ કરો.

## ક્ષમતાને જાણો....

કોઈ કામ કરવાની આપણી સ્વયંની ક્ષમતા કેટલી છે તે માત્ર આપણે જ જાણતા હોઈએ છીએ. કોઈ આપણા વખાણ કરે અને આપણે કોઈ પણ કામ કરવા તૈયાર થઈ જઈએ તેમાં જોખમ છે. કામ કરો પણ આપણી ક્ષમતા પ્રમાણેનું. આપણી ક્ષમતા હોય એટલું જ કામ હાથમાં લેવું જોઈએ. જો ક્ષમતા કરતા વધારે કામ હશે તો તણાવ રહેશે અને મન પણ અશાંત રહેશે.

## ઈર્ષાથી બચો...

મનને શાંત રાખવું હોય તો ઈર્ષાથી બચો. કોઈની ઈર્ષા આપણે ન કરવી જોઈએ. ઈર્ષા કરો છો તેનો મતલબ તમે જેની ઈર્ષા કરો છો તે વ્યક્તિથી ખુશ નથી. તેનાથી તમે દુ:ખી જ થાવ છો. ઈર્ષા કરવાની જગ્યાએ આનંદમાં કેવી રીતે રહી શકીએ એવા કામમાં ધ્યાન આપવું જોઈએ. બીજું ઈર્ષા કરવા કરતા કોઈના સારા કાર્યોની પ્રશંસા કરો. એવું કરવાથી મનને શાંતિ મળે છે તે ક્યાંયથી નહીં મળે.

## પસ્તાવો થાય એવું કામ ન કરો...

ઘણી વાર આપણાથી એવું કામ થઈ જાય છે કે કંઈ બોલાય જાય પછી પસ્તાવો થાય છે. પછી આપણે તેના વિચારોમાં રહીએ છીએ અને આપણું મન અશાંત રહે છે. આવું ન કરવું હોય તો ધીરજ અને ધૈર્ય આ બે શબ્દને બરાબર સમજી લો. પસ્તાવો ન હોય તો બધી જગ્યાએ ધીરજ અને ધૈર્ય રાખો. થોડો સમય લો, વિચારો અને પછી એક્શન લો. પસ્તાવાનો વારો નહીં આવે અને મન પણ શાંત રહેશે.

## બહુ વિચારો નહીં... કામમાં ધ્યાન આપો...

માત્ર સ્વયંના કામમાં ધ્યાન આપો. આવું કરવાથી તમારું કામ પણ સુધરશે અને બીજાઓ વિશે બહુ વિચારવાનો સમય નહીં મળે. માટે લોકો વિશે બહુ ના વિચારો, પોતાનું કામ મનથી કરતા રહો.

## ધ્યાન કરો...

મનને શાંત રાખવાનો સૌથી શ્રેષ્ઠ ઉપાય ધ્યાન કરવાનો છે. રોજ ધ્યાન કરો. મનને શાંત રાખવાની કોશિશ કરો. પ્રેકટિસ કરો, નિયમિત પ્રાણાયમ કરો.

## આયુર્વેદ કહે છે...

જ્યારે પણ મન આકુળ-વ્યાકુળ હોય ત્યારે એક કામ કરો. પલાઠીવાળીને એક જગ્યાએ બેસી જાવ. આંખો બંધ કરો અને નાકના જે બે નસકોરા છે તેના પર ધ્યાન આપો. ડાબી બાજુને ચન્દ્રનાડી કહેવાય અને જમણી બાજુને સૂર્ય નાડી. જો મન અશાંત હોય તો આપણે ચન્દ્રનાડી એક્ટિવ કરવાની છે. આ માટે પલાઠીવાળીને એક જગ્યાએ બેસી જાવ અને જમણી બાજુનું નાક બંધ કરી ડાબી બાજુથી ઊંડા શ્વાસ લો. આવું થોડીવાર કરવાથી ચન્દ્રનાડી એક્ટિવ થઈ જશે જે મનને શાંત રાખે છે.





AARTI JEWELERS
22KT GOLD
& DIAMOND
JEWELLERY
109 South Central Expwy., Richardson, TX 75080
Phone : 972 - 918 - 9933 | www.aartijewelers.com
Hours : 12:00 - 7:00pm (Tuesdays Closed)


DFW Gujarati Samaj
DFW GUJARATI SAMAJ
ESTABLISHED 1991
Dhvanit
THAKER
Presented by
AAPNE GUJARATI
લવ યુ જિંદગી
Dhvanit a kidhu etle final...
Venue:
DFW Gujarati Samaj Event Center
(420 Belle Grove Dr, Richardson, TX 75080)
Date: April 8, 2023
Time: 4:00 pm to 7:00 pm
Tickets: $ 15 (Per Person)
Light Snacks will be served
Contact: (469) 573-4650
Visit https://DFWGujaratiSamaj.org


DFW Gujarati Samaj
DFW GUJARATI SAMAJ
ESTABLISHED 1991
Venue:
Radha Krishna Temple at Allen
(1400 N Watters Rd, Allen, TX 75013)
Date: April 15, 2023
Time: 6:00 pm onwards
Tickets: $ ## (Per Person - TBD)
(Food for Purchase)
Contact: (469) 573-4650
Visit https://DFWGujaratiSamaj.org


DFW Gujarati Samaj
Ponk Party & Musical Melody Night
&KIDS Performance
Saturday March 18, 2023
Time: 6:30 PM @ SLPS Community Center
1910 N Britain Rd., Irving, TX, 75061
DFW GUJARATI SAMAJ
ESTABLISHED 1991
Founder & Life (Online) $10 (per person)
Associate (Online) $15 (per person)
Non-Members (Online) $20 (per person)
Seniors @ Gate $10 (Per Person) with Valid State Issued ID
Purchase tickets online @ https://DFWGujaratiSamaj.org/ || @ Gate Everyone pays $25 (per person)

# DFW Gujarati Samaj

## Picnic & Kite Flying

**Venue: Hickory Creek Park**
1201 Point Vista Rd, Hickory Creek, TX 75065
**Date: Sunday, April 30, 2023**
**Time: 3:00 pm CST onwards**



Kites & Threads available for purchase.
**Contact: support@DFWGujaratiSamaj.org for more information**

Complimentary Food (while supplies last)



## NAVRATRI GARBA NIGHTS

**7th, 14th, 21st & 28th October 2023**

at
**FRISCO FLYER EVENT CENTER**
6300 Frisco Way, Frisco,
TX - 75034



## DIWALI DINNER

**4th November 2023**

at
**SLPS COMMUNITY CENTER**
1910 N. Britain Rd,
Irving, Tx 75061




ભારતીય રીઝર્વ બેન્કે ૧ ડિસેમ્બરથી રિટેલ ડિજિટલ રુપિયો લોન્ચ (પ્રસિદ્ધ) કર્યો છે ત્યારે શું છે આ ડિજિટલ રુપિયો ? કેવી અસર પડશે તેના આવવાથી સામાન્ય નાગરિકો પર, અને કેવા છે તેની સામેના પડકારો તે અંગે જાણીએ આ મુખપૃષ્ઠ વાર્તામાં....

# ભારતમાં ડિજિટલ કરન્સી યુગનો પ્રારંભ

કેન્દ્ર સરકાર છેલ્લા ઘણા સમયથી દેશમાં ચલણ સ્વરુપે ડિજિટલ આર્થિક વ્યવહારને પ્રોત્સાહન આપી રહી છે ત્યારે ભારતીય ચલણ રુપિયાને ડિજિટલ યુગમાં લઈ જવાની દિશામાં RBI એટલે કે રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ વધુ એક ક્રાંતિકારી કદમ ઉઠાવ્યું છે.

- દેશમાં ૧ ડિસેમ્બરના રોજ I નો પાઈલોટ પ્રોજેક્ટ સફળતાપૂર્વક લોન્ચ કરવામાં આવ્યો હતો. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાએ પહેલા જ દિવસે ૧.૭૧ કરોડ રુપિયા જાહેર કર્યા.
- રિઝર્વ બેન્ક દ્વારા જારી કરવામાં આવેલા ઈ-રુપી ડિજિટલ ટોકન તરીકે કરવામાં આવેલા, ઈ-રુપી ડિજિટલ ટોકન તરીકે કામ કરશે. બીજા શબ્દોમાં કહીએ તો સેન્ટ્રલ બેન્ક ડિજિટલ કરન્સી (CBDC) એ RBI દ્વારા બહાર પાડવામાં આવેલી ચલણી નોટોનું ડિજિટલ સ્વરુપ છે.
- ડિજિટલ રુપિયાના વ્યવહારો વ્યક્તિ (P2P) અને પર્સન ટુ મર્ચન્ટ (P2M) બન્ને રીતે કરી શકાય છે. આ સિવાય કોઈએ વેપારીને ચૂકવણી કરવી હોય તો તે તેની પાસે હાજર QR કોડ સ્કેન કરી ચૂકવણી કરી શકે છે.
- અગાઉ એક નવેમ્બરના રોજ કેન્દ્રીય બેંકે જથ્થાબંધ વ્યવહારો માટે ડિજિટલ રુપિયો શરુ કર્યો હતો, ત્યારે તેના પ્રથમ દિવસે જ ૨૭૫ કરોડની લેવડ-દેવડ થઈ હતી.

સૌ પ્રથમ વાત કરીએ ડિજિટલ ચલણ અંગે, ડિજિટલ ચલણ મુખ્યત્વે ત્રણ પ્રકારનું હોય છે. પ્રથમ ક્રિપ્ટો કરન્સી - આ પણ એક ડિજિટલ ચલણ છે, જે નેટવર્કમાં લેણ-દેણ કરવા માટે ક્રિપ્ટોગ્રાફીનો ઉપયોગ કરે છે. જો કે તેના પર કોઈપણ સરકાર કે દેશનું નિયંત્રણ ન હોવાથી તેમાં જોખમ પણ રહેલું છે. 'બિટકોઈન' અને 'એથેરિયમ' આનાં ઉદાહરણ છે. બીજી છે વર્ચ્યુઅલ કરન્સી. આ ચલણ એ ડેવલોપર્સ કે પ્રક્રિયામાં સામેલ જુદા જુદા હિતધારકો સાથે મળી એક સંગઠન દ્વારા અનિયમિત ડિજિટલ ચલણ (કરન્સી) છે. અને ત્રીજુ સેન્ટ્રલ બેંક ડિજિટલ કરન્સી જે 'સબસીડી'ના નામે પણ ઓળખાય છે. તે કોઈપણ દેશની કેન્દ્રીય બેંક દ્વારા બહાર પાડવામાં આવે છે. હાલ ભારતની સેન્ટ્રલ બેંક આર.બી.આઈ.એ જે ઈ-રુપિયો બહાર પાડ્યા છે તે આમાં આવે છે. જે સૌથી સુરક્ષિત માનવામાં આવે છે. હવે વાત રિઝર્વ બેંક ઓફ ઈન્ડીયા દ્વારા તાજેતરમાં જ ઈ-રુપી શરુ કરાયો છે તેની.

આર.બી.આઈ. દ્વારા આ ડિજિટલ કરન્સીને CBDC નામ આપવામાં આવ્યું છે. સામાન્ય માણસો ખૂલ્લા બજારમાં આ ડિજિટલ કરન્સીનો ઉપયોગ કરી શકે તે માટે ચાર બેંકો ઈ-રુપી બહાર પાડશે.

ભારતીય રિઝર્વ બેન્કના જણાવ્યા મુજબ, પાયલટ પ્રોજેક્ટ દરમિયાન ડિજિટલ રુપિયાનું નિર્માણ, વિતરણ અને રિટેલ ઉપયોગની સંપૂર્ણ પ્રક્રિયાનું ટેસ્ટિંગ કરાશે. પાયલટ પ્રોજેક્ટમાં ડિજિટલ રુપિયાનું ચલણ દેશનાં ચાર શહેરો દિલ્હી, મુંબઈ, બેંગલુરુ અને ભુવનેશ્વરમાં શરુ કરાશે. ત્યાર પછી બીજા તબક્કામાં અમદાવાદ, ગંગટોક, ગુવાહાટી, હૈદરાબાદ, ઈન્દોર, કોચ્ચિ, લખનઉ, પટના અને શિમલા જેવાં શહેરોમાં ડિજિટલ ચલણ શરુ કરાશે.

# કાગળની નોટ જેવા આકારમાં જ ડિજિટલ રુપિયા

આ બેન્કો દ્વારા કાગળની નોટ જેવા આકારમાં જ ડિજિટલ રુપિયા જારી કરશે. ડિજિટલ વોલેટના માધ્યમથી, વ્યક્તિથી વ્યક્તિ અથવા વ્યક્તિથી દુકાનદાર, વેપારી વચ્ચે નાણાંકીય વ્યવહાર થઈ શકશે. સામાન્ય માણસને વસ્તુઓની ખરીદી માટે ડિજિટલ રુપિયાની ચૂકવણી કરવી હોય તો તે ક્યુઆર કોડ મારફત કરી શકશે. આ સિવાય ડિજિટલ રુપિયાથી સામાન્ય માણસો પરસ્પર પણ લેવડ-દેવડ કરી શકશે. આ ડિજિટલ રુપિયા યુઝર્સ મોબાઈલ ફોન અથવા અન્ય ડિવાઈસમાં બેન્કો દ્વારા અપાતા વોલેટમાં સ્ટોર કરી શકશે. વધુમાં આ ડિજિટલ રુપિયા રાખવા માટે કોઈ બેન્કમાં ખાતાની જરુર નહીં પડે. મહત્વની બાબત એ છે કે, આ ડિજિટલ રુપિયા વોલેટમાં રાખવા પર બેન્કો તરફથી કોઈ વ્યાજ ચૂકવાશે નહીં. જ્યારે હાલ કાગળની નોટોને બેન્કોના ખાતામાં મૂકવા પર ગ્રાહકોને વ્યાજ મળે છે.

ડિજિટલ રુપિયાનું મૂલ્ય કાગળની નોટોના મૂલ્ય સમાન જ

આર.બી.આઈ.એ જણાવ્યું હતું કે, ડિજિટલ રુપિયાનું મૂલ્ય કાગળની નોટોના મૂલ્ય સમાન જ હશે. તમે ઈચ્છો તો ડિજિટલ રુપિયા બેન્કમાં આપીને કાગળની નોટો પણ મેળવી શકો છો. આર.બી.આઈ.એ ડિજિટલ ચલણને બે કેટેગરીમાં વિભાજિત કર્યું છે, જેમાં હોલસેલ માટે સીબીડીસી-ડબલ્યુ અને રિટેલ માટે સીબીડીસી-આરનો સમાવેશ થાય છે. સીબીડીસી માટે કોમર્શિયલ બેન્કો નહીં, આર.બી.આઈ. જવાબદાર હોવાથી તે વર્તમાન ડિજિટલ નાણાં કરતા અલગ પડશે.

ડિજિટલ રુપિયાનો આશય વર્તમાન નાણાકીય વ્યવસ્થાને બદલવાનો નહીં પરંતુ તેમાં વપરાશકારોને વધારાની સુવિધા પૂરી પાડવાનો છે. ટેકનોલોજીના આ યુગમાં ડિજિટલ રુપિયો ભારતના ડિજિટલ અર્થતંત્રમાં વધુ ગતિ લાવશે અને નાણાંકીય સમાવેશ વધારશે. આજે સામાન્યમાં સામાન્ય માણસ પણ મોબાઈલનો વપરાશ કરતો થયો છે ત્યારે નાણાંકીય સિસ્ટમ સુધી તેની પહોંચ વધશે અને પેમેન્ટ સિસ્ટમ વધુ કાર્યક્ષમ બનશે.

ભારતીય અર્થતંત્ર ડિજિટલ બનશે.

ભારતના અર્થતંત્રને ડિજિટલ સ્વરુપમાં વિકસિત કરવાની દિશામાં આરબીઆઈનું આ પગલું ઘણું જ મહત્વપૂર્ણ છે. આરબીઆઈએ પહેલા ૧ નવેમ્બરથી હોલસેલ સેગમેન્ટ માટે ડિજિટલ રુપિયો લોન્ચ કર્યો હતો. હોલસેલ સેગમેન્ટમાં પ્રાયોગિક ધોરણે સરકારી સિક્યોરિટીઝમાં સેકન્ડરી માર્કેટના નાણાંકીય વ્યવહારોની પતાવટ કરવાની છૂટ અપાઈ હતી. હવે રિટેલ સેગમેન્ટમાં આ પ્રાયોગિક પ્રોજેક્ટમાં મળનારા અનુભવોના આધારે આગામી તબક્કામાં દેશમાં તેના ચલણમાં વધુ પ્રસાર કરાશે.

# શું છે આ ડિજિટલ રુપિયો ?

ભારતનું ડિજિટલ ચલણ ક્રિપ્ટોકરન્સી નથી. બન્નેના સર્જન માટે બ્લોક ચેઈન ટેકનોલોજીનો ઉપયોગ ચોક્કસ થશે પણ બન્ને વચ્ચે ફરક છે, એક, જેને સેન્ટ્રલ બેંક એટલે કે આર.બી.આઈ.ની માન્યતા હશે એટલે તે ભારતના ચલણ રુપિયાનું ડિજિટલ સ્વરુપ હશે. બીટકોઈન કે એથેરિયમ કે શિબુ જેવા વર્તમાન ક્રિપ્ટોને કોઈપણ દેશની સેન્ટ્રલ બેન્કે માન્યતા આપી નથી. જેમ રૂા. ૧૦૦ની નોટનું મૂલ્ય સમગ્ર દેશમાં એક જ સમાન છે, તેમ ડિજિટલ સ્વરુપના ચલણનું મૂલ્ય પણ નિશ્ચિત અને સમાન જ હશે. અત્યારે પણ આપણે પેટીએમ કે ફોનપે કે અન્ય ડિજિટલ વોલેટમાં આ જ રીતે ડિજિટલ ચૂકવણી કરી રહ્યા છીએ. ક્રેડિટ કાર્ડ અને ડેબિટ કાર્ડનો ઉપયોગ પણ ડિજિટલ સ્વરુપમાં થઈ રહ્યો છે. છતાં રોકડ નોટ અને સિક્કા પણ છે. ભવિષ્યમાં નોટોના સ્થાને માત્ર ડિજિટલ રુપિયો જ હોય એવુ પણ બની શકે ! કેન્દ્ર સરકારના ડિજિટલ રુપિયાની જાહેરાત બજેટ ૨૦૨૨-૨૩માં કરી હતી. ડિજિટલ ચલણથી ધીમે ધીમે કરન્સી નોટ અને સિક્કા છાપવા પાછળનો ખર્ચ ઘટી જશે. દરેક નાણાકીય વ્યવહાર ડિજિટલ હશે એટલે તેના ઉપર દેખરેખ શક્ય બનશે અને તેના ઉપર ટેક્સની વસૂલાત પણ સરળ બનશે એ ડિજિટલ ચલણના ફાયદા છે.

## ડિજિટલ રુપિયો અન્ય ડિજિટલ ચલણથી અલગ કઈ રીતે...

સવાલ એ પણ થશે કે ડિજિટલ રુપિયો અન્ય ડિજિટલ ચૂકવણીથી અલગ કેવી રીતે ? કારણ કે ડિજિટલ ટાન્જેક્શન તો બેંક ટ્રાન્સફર વોલેટ્સ અને કાર્ડ મારફતે તો થઈ જ રહી છે. તેવામાં ઈ-રુપિયો અલગ કેવી રીતે ? ત્યારે અહીં સમજવાની જરુર છે કે, મોટાભાગની ચૂકવણી (પેમેન્ટ્સ) એક ચેકની જેમ કરે છે, તમે બેંકને સૂચના આપો છો ત્યારબાદ તે તમારા એકાઉન્ટમાં જમા રકમમાંથી વાસ્તવિક રુપિયાની ચૂકવણી કે ટ્રાન્જેક્શન કરે છે. આમ દરેક ડિજિટલ ટ્રાન્ઝેક્શનમાં અનેક સંસ્થા, લોકો સામેલ હોય છે. જે આ આખી વિધિ (પ્રોસેસ) પૂર્ણ કરે છે, જેમાં સમય લાગે છે. જ્યારે ડિજિટલ રુપિયામાં એક ક્લિકથી જ ચૂકવણી શક્ય છે.

## બિટકોઈન જેવી ક્રિપ્ટો કરન્સીથી કેટલું અલગ

આગળ જોયું તેમ ડિજિટલ કરન્સીનો વિચાર નવો નથી. તેના મૂળમાં બિટકોઈન જેવી ક્રિપ્ટો કરન્સી છે. બિટકોઈન બાદ 'ઈથર' ડોઝકોઈનથી માંડી અનેક ક્રિપ્ટોકરન્સી શરુ થઈ ચૂકી છે. ખાનગી ક્રિપ્ટો કરન્સી ખાનગી કંપનીઓ દ્વારા બહાર પાડવામાં આવતી હોવાથી તેના પર સરકારી નિયંત્રણ હોતુ નથી અને તેના પર ટ્રાન્જેક્શનની કોઈ માહિતી મળતી ન હોવાથી આતંકવાદી ઘટનાઓ સહિતની અન્ય ગેરકાયદેસરની ગતિવિધિઓમાં તેનો છૂટથી ઉપયોગ થાય છે. આ કારણે ડિમાન્ડ (માંગ)ને આધારે તેની કિંમતમાં ભારે ઉતાર-ચડાવ આવતા હોય છે. બિટકોઈનની કિંમત અત્યાર સુધી ૫૦ ટકા ગગડી ચૂકી છે. જ્યારે આની સામે ડિજિટલ રુપિયાની વાત કરીએ તો તેને આપણે ત્યાં આર.બી.આઈ. દ્વારા બહાર પાડવામાં આવ્યો છે. પરિણામે તેની કિંમતમાં ઉતાર-ચડાવનો કોઈ પ્રશ્ન જ નથી રહેતો. એક રુપિયાનો સિક્કો અને ડિજિટલ રુપિયો એકસરખી જ કિંમતનો થાય છે. ઉપરથી આ ડિજિટલ રુપિયા કોની પાસે કેટલા છે તે તમામ માહિતી રિઝર્વ બેંક પાસે હશે.

## ડિજિટલ ચલણ મુદ્દે વિશ્વ હાલ ક્યાં છે ?

રિઝર્વ બેંકોની સેન્ટ્રલ બેંકના રુપમાં કામ કરતી સ્વિસ સંસ્થા ઈન્ટરનેશનલ સેટલમેન્ટ બેંકના એક સર્વે મુજબ વિશ્વના ૮૬% રિઝર્વ બેંક ડિજિટલ ચલણ પર સંશોધન કરી રહ્યા છે. આમાંના ૬૦ ટકા તો એ ચલણને અમલમાં લાવવાના અંતિમ ચરણમાં છે. હજુ યુરોપિયન સેન્ટ્રલ બેંકની પ્રમુખ ક્રિસ્ટીન લેગાર્ડ કહે છે કે અમે ૨૦૨૫ સુધીમાં ડિજિટલ યુરો શરુ કરવાનું વિચારી રહ્યા છીએ. આ મુદ્દે પડોશી દેશ ચીન ખૂબ જ આગળ છે. આ દિશાના છ વર્ષના સંશોધન બાદ પીપલ્સ બેંક ઓફ ચાઈના દ્વારા એપ્રિલ ૨૦૨૦માં બે પાયલોટ પ્રોજેક્ટ શરુ કર્યા હતા. અને લોટરી સિસ્ટમ મારફતે ઈ-યૂઆન વહેંચવામાં આવ્યા હતા. અને જૂન ૨૦૨૧ સુધી ૨.૪ કરોડ લોકો અને કંપનીઓએ ડિજિટલ યુઆનના વોલેટ બનાવી લીધા હતા. ચીનમાં ૩૪૫૦ કરોડ ડિજિટલ યુઆન (૪૦ હજાર કરોડ રુપિયા)ની લેણ-દેણ યુટિલિટી બિલ્સ, રેસ્ટોરન્ટ અને ટ્રાન્સપોર્ટમાં થઈ ચૂકી છે.

બ્લૂમબર્ગના એક અહેવાલનું માનીએ તો ૨૦૨૫ સુધી ડિજિટલ યુઆનની ચાઈનીઝ અર્થશાસ્ત્રમાં ભાગીદારી ૯% સુધી પહોંચી જશે. જાન્યુઆરી ૨૦૨૧માં બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સે જણાવ્યુ હતું કે વિશ્વભરમાં ૮૬% કેન્દ્રીય બેંક ડિજિટલ ચલણ એટલે કે કરન્સી પર કામ કરી રહ્યા છે. 'બાહમાસ' ઓક્ટોબર ૨૦૨૦માં સૌપ્રથમ 'સૈંડ ડોલર' નામથી સીબીડીસી વાવ્યું હતું. ત્યારબાદ જમૈકા, નાઈજીરિયા સહિત ૮ પૂર્વી કેરેબિયાઈ દેશોએ પણ આ પ્રકારની પહેલ કરી હતી. કેનેડા, જાપાન, સ્વિડન, સ્વિટ્ઝરલેન્ડ, યુકે અને યુનાઈટેડ સ્ટેટ્સ (અમેરિકા) સાથે સાથે યુરોપિયન યુનિયન પણ બેંક ઓફ ઈન્ટરનેશનલ સેટલમેન્ટ્સના સાથે મળી આ પ્રકારની ડિજિટલ ચલણની શક્યતાઓ ચકાસી રહ્યું છે.

# HomeWithLoan.com

## Direct Lender/Broker

## RESIDENTIAL & COMMERCIAL

No or Low Closing cost loans

NEW OR PRE-OWNED HOME LOANS

Purchase or Refinance

LOANS FOR H-1B, EAD CARD BORROWERS

Close your loan on time

# CALL 972-798-2110

## Fair Deal Realty

CASH BACK REBATE ON NEW HOME PURCHASE

low COMMISSION TO SELL YOU HOME

CASH BACK WHEN YOU RENT AN APPARTMENT

## WWW.HOMEWITHLOAN.COM

## tino@HOMEWITHLOAN.COM

**WE Help you buy a Home with an affordable loan**

Laxmi Narayan Enterprises Inc DBA New world Realty DBA HomeWithloan.com

4815 State Hwy 121, Suite # 2, The Colony, TX 75056 NMLS # 186131




# વિટામીન B12 વિશે અગત્યની માહિતી

## શું તમારું પણ વિટામીન B12 ઘટી જાય છે ? તો આ લેખ તમારે વાંચવો જોઈએ.

વિટામીન B12ની ઉણપથી માનવીય શરીરમાં થતી તકલીફો, વિટામીન B12 ઘટવાના કારણો, B12ની ઉણપના લક્ષણો, B12ની ઉણપથી શરીરને શું નુક્શાન થઈ શકે ? વિટામીન B12 થી ભરપુર વસ્તુઓ.... વિશે જાણવું હોય તો આ લેખ તમારા માટે છે.

## શું તમારામાં પણ વિટામીન B12 ઘટી જાય છે ?<br>જાણો તેની ઉણપના કારણે અને શું ખાવાથી થશે ફાયદો ?

ગુજરાતીમાં કહેવત છે કે પહેલું સુખ તે જાતે નર્યા. પરંતુ આજના આધુનિક યુગમાં લોકોની જીવનશૈલી એટલી જ જટિલ બની ગઈ છે કે કોઈને કોઈ તકલીફો જોવા મળે છે. આજકાલ લોકોમાં વિટામીન્સની ઉણપ વધુ પ્રમાણમાં જોવા મળે છે. ખાસ કરીને લોકોમાં વિટામીન B12ની તકલીફ વધુ પ્રમાણમાં જોવા મળે છે. આ વિટામીનના ઉણપના લીધે ઘણા ગંભીર રોગો થતા હોય છે અને જો સમય રહેતા તેની સારવાર કરવામાં ન આવે તો તે ખતરનાક પણ સાબિત થઈ શકે છે.

આજે આપણા આ લેખમાં વિટામીન B12 વિશે જાણીશું. તેની ઉણપ, તેનાથી થતો રોગ અને તે શેમાંથી મેળવી શકાય તે જાણીશું.

## શરીરમાં વિટામીન B12 નું કાર્ય

વિટામીન B12 શરીરમાં સંક્રમણ સામે લડવામાં મદદરુપ થાય છે. આ ઉપરાંત હાડકા મજબૂત કરવા, ઈજાને જલદી સાજી કરવામાં મદદ કરે છે. શરીરમાં હોર્મોનને નિયંત્રિત કરે છે. શરીરમાં વિટામીન B12 ની ઉણપ થાય ત્યારે રક્તકણોની સંખ્યામાં ઘટાડો થવા લાગે છે.

## વિટામીન B12 ની ઉણપના લક્ષણો

શરીરમાં વિટામીન B12 ની ઉણપથી સામાન્ય રીતે થાક લાગવો, આળસ આવવી, કમજોરી, માથાનો દુઃખાવો અને ચક્કર આવવા જેવા લક્ષણો જોવા મળે છે. આ ઉપરાંત ત્વચામાં પીળાશ આવવી, ગભરામણ થવી, જઠરને લગતી મુશ્કેલીઓ, મોઢામાં ચાંદા પડવા, ચીડિયાપણું, દ્રષ્ટિ દોષ અને ડિપ્રેશન જેવા લક્ષણો જોવા મળે છે.

## વિટામીન B12 ની ઉણપથી શરીરને શું નુક્શાન થઈ શકે છે ?

વિટામીન B12ની ઉણપથી શરીરને ઘણું નુક્શાન થઈ શકે છે. મહત્વની વાત એ છે કે તે નુક્શાન જીવલેણ પણ સાબિત થઈ શકે છે. વિટામીન B12ની ઉણપથી એનિમિયા થઈ શકે છે, એટલે કે શરીરમાં વિટામીનની ઉણપથી લોહી ઘટી જાય છે. શરીરના કોઈપણ પ્રકારના વિકાસમાં મુશ્કેલી આવી શકે છે.

## હાર્ટએટેકનું જોખમ વધી જવું.

વિટામીન B12ની ઉણપથી શરીરમાં લોહીનું સ્તર ઝડપથી ઘટે છે. જેની સીધી અસર હૃદયના ધબકારા પર પડે છે. ધબકારાની ગતિ વધી જાય છે. પરિણામે હાર્ટ એટેકનો ખતરો વધી જાય છે.

## પેરેસ્થેસિયાનું જોખમ અને લક્ષણો

આ ઉપરાંત વિટામીન B12ની ઉણપથી હાર્ટ એટેક નહિં પરંતુ પેરેસ્થેસિયાનું પણ જોખમ વધી જાય છે. નિષ્ણાંતોના કહેવા મુજબ વિટામીન B12ની ઉણપથી પેરેસ્થેસિયા જેવી બિમારી થવાની શક્યતાઓ રહે છે. પેરેસ્થેસીયાના લીધે નર્વસ સિસ્ટમ પર દબાણ આવે છે. ક્રોનિક પેરેસ્થેસિયાના લીધે ચેતાતંતુઓને હાનિ પણ પહોંચી શકે છે.

વિટામીન B12ની ઉણપથી જો પેરેસ્થેસિયા હોય તો, દર્દીને પગમાં બળતરા થાય છે. ઘણી વખત બળતરા શરીરના અન્ય ભાગોમાં અનુભવાય છે. આ ઉપરાંત પેરેસ્થેસિયા પીડિત વ્યક્તિને ખંજવાળ અને કળતર રહે છે.

## પાણીમાં દ્રાવ્ય

વિટામીન B12 એક એવું પોષક તત્વે છે જે પાણીમાં ઓગળી જાય છે. તે નસોને સ્વસ્થ રાખવામાં મદદરુપ થાય છે. આ ઉપરાંત તે ડીએનએ અને રક્ત કણોના નિર્માણમાં પણ મદદ કરે છે.

## વિટામીન B12ની ઉણપ હોય તો આટલી વસ્તુઓનું કરો સેવન

વિટામીન B12ની ઉણપને દૂર કરવા કેટલીક વસ્તુઓના સેવન પર ધ્યાન આપવું જરુરી છે. આ વસ્તુઓનો પોતાના આહારમાં સમાવેશ કરવાથી થોડા ઘણા અંશે વિટામીન B12ની ઉણપથી બચી શકાય છે.

શાકાહારી લોકોમાં વિટામીન B12 વારંવાર ઘટી જાય છે એવું કહેવામાં આવે છે. પણ આ ખોટી વાત છે. માંસાહારમાં વિટામીન B12 મળતું હશે પણ એનો મતલબ શાકાહારમાં તે નહીં મળે એવું નથી. અનેક વસ્તુઓ છે જેમાં આ વિટામીન ભરપુર માત્રામાં છે. બસ આપણે તેનું નિયમિત યોગ્ય પ્રમાણમાં સેવન કરવાનું છે. વિટામીન B12ની ઉણપ દૂર કરવા ડેરી પ્રોડક્ટ સૌથી સારુ માધ્યમ છે. એવામાં તમે દૂધ, દહીં, પનીરને પોતાના આહારમાં સામાવેશ કરી શકો છો. આ સિવાય સોયાબીન, ઓટ્સ અને બ્રોકોલીનો પણ ભોજનમાં સમાવેશ કરી શકાય. આ ઉપરાંત મશરુમમાં ભરપૂર માત્રામાં વિટામીન B12 હોવાથી તેનું સેવન પણ ફાયદાકારક નીવડે છે.

નોંધ : આ લેખ આપને માહિતી આપવા માટે જ અહીં પોસ્ટ કરવામાં આવ્યો છે. વિટામીન B12ની ઉણપ કે તે સંદર્ભની સારવાર જાણકાર વૈદ્ય કે ડૉક્ટર પાસે જઈને જ કરાવવી જોઈએ.

# Complimentary Travel Checklist

1. Decide where you want to go.
2. Call Travel King International.
3. Relax.

## We Make Travel Easy.

TRAVEL KING
INTERNATIONAL
EST. 1979

- ✓First & Business Class Travel
- ✓Custom Vacation Packages
- ✓Honeymoon Planning
- ✓Private Jet Charters & Memberships
- ✓Travel Insurance
- ✓Expedite Passports & Visas
- ✓Corporate Travel Programs
- ✓Travel Expense & Billing
- ✓Destination Weddings
- ✓Cruise Bookings
- ✓Group Tours
- ✓VIP Customs & Immigration

(972) 235-9500
Agent@FlyTravelKing.com
www.FlyTravelKing.com

*Always Travel Like A King.*

# ❀ ❀ મહાવીરનો કર્મવાદ ❀ ❀

◆ આપણી સાવ નજદીકની વ્યક્તિઓ જ આપણને વધુ દુઃખ આપતી હોય છે તેનું કારણ શું ? અને તેવે વખતે શું કરવું ?

◆ જેની સાથે સૌથી વધુ પ્રેમ સંબંધને સૌથી વધુ દ્વેષ સંબંધ ભોગવવાના બાકી હોય તે જ વ્યક્તિઓ આપણી સૌથી નજદીક આવે છે. બાકી તો દુનિયામાં કરોડો લોકો છે.

◆ લેણદેણમાં સંબંધ વગર કોઈ આપણી સાથે જોડાતું નથી.

◆ કોણ આપણા માં-બાપ બનશે ? કોણ જીવનસાથી ? કોણ ભાઈ બહેન ?

◆ કોણ પુત્રવધુ ? કોણ દીકરા-જમાઈ ? કોણ પાડોશી ? કોણ સગા-વ્હાલા ?

◆ આ બધું જ આપણે આ સૃષ્ટિમાં જન્મ લેતા પહેલા પૂર્વ જીવનમાં કર્મ પ્રમાણે નક્કી થઈ જાય છે. જ્યારે કોઈ આપણા જ નજદીકના વ્યક્તિઓ આપણને દુઃખ આપતા હોય ત્યારે વિચારવું કે આ મારા સગા બન્યા છે તે પણ મારાં જ કોઈ પૂર્વજન્મના લેણદેણને કારણે તે આજે મારી સાથે વેર રાખી રહ્યા છે.

◆ તેનું કારણ મારા જીવે પૂર્વજન્મમાં ક્યારેક એ જીવ સાથે વેર બાંધ્યુ હશે.

◆ ભલે આજે હું મારી જાતને નિર્દોષ માનતો હોઉં પણ હું ક્યાં જાણું છું કે પૂર્વજન્મમાં મેં આનાથી અનેક ઘણું દુઃખ એ જીવને આપ્યું હશે.

◆ આજે જ્યારે એ જીવ મારી સાથે હિસાબ પૂરો કરવા આવ્યો છે કે મારાં જ કૃત્યની મને ભેટ પરત કરવા આવ્યો છે. ત્યારે હું સમતાભાવે સહર્ષ સ્વીકાર કરું તો જ આ વેરની ગાંઠ ભેદાશે.

◆ નહિં તો જન્મોજન્મ ચાલી આવશે.

